Letter No: WCDD/0316/03/2024 Dt: 27-03-2024

ઉચ્ચક બીલથી નાણાં ઉપાડવા અંગેની વર્ગીકૃત
યાદીમાં ઉમેરો કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક : **WCDD/IMR/e-file/23/2022/1340/B (ICDS)**

સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધા</u> :

(૧) નાણા વિભાગના પરિપત્ર ક્રમાંક: તજર-૧૦૦૨-૪૩૫-ઝ તા.૩૦/૦૪/૨૦૦૨

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૯/૦૩/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૭/૭૧૪/બ

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૩/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૭/૮૫૬/બ

(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૨/૦૪/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: **WCDD/IMR/e-file/23/2022/1340/B (ICDS)**

(૫) કમિશ્નરશ્રી આઇસીડીએસના તા.૧૫/૦૩/૨૦૨૪ના પત્ર ક્રમાંક: **ICDS/VHTX/e-file/257/2022/0001/Admin**

<u>આમુખ :</u>

વંચાણે લીધા ક્ર.(૧) ના પરિપત્ર દ્વારા વહીવટી વિભાગોને તેમના નિયંત્રણ હેઠળના ઉપાડ અને ચુકવણી અધિકારી દ્વારા કઇ કઇ બાબતો માટે ઉચ્ચક બીલના નાણાં ઉપાડી શકે છે તે બાબતોને વર્ગીકૃત કરીને તે અંગેની યાદી બહાર પાડવા જણાવવામાં આવેલ છે. તદ્અન્વયે વંચાણે લીધેલ ક્ર.(૨),(૩) અને (૪)ના ઠરાવોથી મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ અમલીકૃત સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૨૧૦ હેઠળની સુચના મુજબ ઉચ્ચક બીલથી નાણાં ઉપાડવા અંગેની વર્ગીકૃત યાદી બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધા ક્ર.(૫) ના કમિશ્નરશ્રી (આઇસીડીએસ) કમિશ્નર મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગરની તા.૧૫/૦૩/૨૦૨૪ની ઇ-ટપાલ અન્વયે ઉચ્ચક બીલથી નાણાં ઉપાડવા માટેની યાદીમાં ઉમેરો કરવા દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :

કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નર મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગરની દરખાસ્ત અન્વયે ઉચ્ચક બીલથી નાણાં ઉપાડવા માટેની વર્ગીકૃત યાદીમાં નીચેના વિષયનો ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી. (**GRIMCO**), ગાંધીનગર પાસેથી માતા યશોદા એવોર્ડ માટે ખરીદી કરવાના થતા મોમેન્ટોના ખર્ચની રકમ.

ઉપરોક્ત જણાવેલ બાબતની મંજુરી નાણાં વિભાગના તા.૩૦/૦૪/૨૦૦૨ના પરિપત્ર ક્રમાંક: તજર/૧૦૦૨/૪૩૫/ઝની સુચનાઓને ધ્યાને રાખીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ.ગોસાઇ)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- પસંદગી ફાઇલ

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.27 11:56:06 +05:30

File No: WCDD/IMR/e-file/23/2022/1340/B (ICDS)
Approved By: Joint Secretary,B (ICDS),WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign